# ભાજપ શાસિત પાલિકા સામે ભાજપ પ્રદેશ યુવા મોરચા મંત્રીની ગાંધીગીરી

## સ્લમ વિસ્તારમાં હાથ ધર્યુ સફાઈ અભિયાન

ડીસા, તા. ૨૪


ડીસાના રેજીમેન્ટ વિસ્તારમાં વરસાદી પાણીના ભરાવાથી રોડ તુટી જવા, ગંદકી ફેલાવવી, સ્કૂલમાં પાણીનો ભરાવો થવો અને રોગચાળાની દહેશત ઉભી થઈ હતી. આ કામમાં પાલિકા રાજધર્મ નિભાવી કામ કરે તે પહેલાં ભાજપના પ્રદેશ કક્ષાના એક હોદ્દેદારે લાખોના સ્વખર્ચે જાતે જ ટ્રેક્ટર પર સવાર કામે લાગતાં પાલિકા તંત્રમાં સન્નાટો છવાયો છે.

ડીસા નગરપાલિકામાં હાલ ભાજપ સત્તારૂઢ છે. શહેરના ૧૨ વોર્ડોમાં ગઈકાલે પડેલા વરસાદે શ્રમજીવી વિસ્તારોમાં અને સ્કૂલોમાં પાણી ભરતા લોકો અને સ્કૂલના બાળકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. અને રોગચાળાનો ભય ફેલાયો છે. ત્યારે છેલ્લા ૩૫ વર્ષમાં વરસાદમાં સૌથી વધુ અસરગ્રસ્ત બનતો રેજીમેન્ટ વિસ્તારના રોડ તુટી જવા, ગંદકી ફેલાવવી, સ્કૂલમાં પાણીનો ભરાવો થવો અને રોચાળાની દહેશત ઉભી થઈ છે. ત્યારે ભાજપ શાસિત પાલિકા સામે ભાજપના પૂર્વ ધારાસભ્યના પુત્ર અને હાલ પ્રદેશ ભાજપ યુવા મોરચા મંત્રી તરીકે કામ કરતા પ્રવીણભાઈ માળીએ આ વિસ્તારમાં સફાઈ અભિયાન હાથ ધરી 'ગાંધીગીરી' એ રાજધર્મ નિભાવતા પાલિકા તંત્ર ઊંઘતુ ઝડપાયું છે. આ ગાંધીગીરી અભિયાનમાં પ્રવીણભાઈ માળીએ જાતે અંદાજીત ૨ લાખનો ખર્ચો કરી અનેક ટ્રેક્ટરો દોડાવી, અને જાતે જ ટ્રેક્ટર પર સવાર થઈ ત્રણ કલાક સુધી રસ્તા સમતલ કરી ભરાયેલા પાણીનો નિકાલ કરેલ છે.

જ્યારે આ મામલે સ્થાનિક લોકો પણ આ ૩૫ વર્ષથી ચાલતી સમસ્યાની પીડા તેમની જુબાનમાં રજુ કરી હતી.

જ્યારે બીજી તરફ દશરથગીરી ઝવેરીનગર સ્કૂલ આચાર્યે જણાવેલ કે આ વરસાદી પાણીથી ઉદ્‌ભવતી સમસ્યાના નિકાલ માટે અનેકો વખત અમોએ રજુઆતો કરેલ છે. આ સમસ્યાથી ગંદા પાણીનો ભરાવો થાય છે. સ્કૂલ પડી જવાની દહેશત વચ્ચે બાળકો રોગચાળાનો ભોગ બની શકે છે. તેવી સ્કૂલના આચાર્યે પાલિકાને લેખિત રજૂઆત કરેલ છે.

આ ઘટનામાં ભાજપના પૂર્વ ધારાસભ્યના પુત્ર અને હાલ પ્રદેશ ભાજપ યુવા મોરચા મંત્રી તરીકે કામ કરતા પ્રવીણભાઈ માળીએ આ વિસ્તારમાં સફાઈ અભિયાન હાથ ધરી 'ગાંધીગીરી'એ રાજધર્મ નિભાવતા હોવાનું પાલિકાના પ્રમુખ ડૉ. તેજલબેનને જાણ થતા તેમણે તાબડતોબ પાલિકાની ટીમોને આ વિસ્તારમાં સફાઈ યુદ્ધના ધોરણે કરવાના આદેશો આપેલ છે. જો કે પાલિકા પ્રમુખ આવા મામલામાં સક્રિયતા દાખવે છે. પણ અન્ય વિભાગોના કામચોર કર્મચારીઓ નિષ્ક્રિય અને બેજવાબદાર રહેતા ભાજપ શાષિત પાલિકા પ્રત્યે લોકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે.






તંત્રની બેદરકારી... પ્રાંતિજ પાસે ગ્રામ્ય વિસ્તાર તરફના ગામો સાદરા, બોરીયા, બોભા સીતવાડા, તરફ જવાના ગામો તરફની દિશા સૂચક નિશાની (➜) ખોટી રીતે દર્શાવવામાં આવી છે. જેથી દિવસ દરમિયાન અસંખ્ય લોકો મુંઝવાય છે તેમ છતાં તંત્ર ધ્યાને કંઈ જ આવતું નથી. (તસવીર : સંજય રાવલ)

# પાલનપુર સામઢી ગામે સ્ત્રીની આબરૂ લેવાની કોશીષના ગુનામાં એક વર્ષની કેદ

પાલનપુર, તા. ૨૪

પાલનપુરના સામઢી ગામની એક સ્ત્રી બપોરના સુમારે ઘરની નજીક બાવળની ઝાડીઓમાં કુદરતી હાજતે ગઈ હતી. તે વખતે ગામનો યુવક સ્ત્રીની પાછળ જઈને એકલતાનો લાભ લઈને આબરૂ લેવાનો પ્રયાસ કરતા સ્ત્રીએ ફરિયાદ નોંધાવી હતી. જેનો કેસ ચાલી જતા એડીશનલ સિવિલ કોર્ટે આરોપીને રૂ. ૧૦૦૦ નો દંડ અને એક વર્ષની સાદી કેદનો હૂકમ કરતાં અસામાજીક તત્વોમાં ફફડાટ વ્યાપી જવા પામી છે.

પાલનપુરના સામઢી ગામે ગત તા. ૨૬-૯-૧૨ના રોજ ફરિયાદી સ્ત્રીની એકલતાનો લાભ લઈને આબરૂ લેવા હૂમલો કરેલ ગામનો પરેશ મંગા વાલ્મીકી સામે ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૫૪ અંગેનો કેસ પાલનપુરના એડીશનલ સિવિલ કોર્ટ ખાતે એમ.એલ.શેખની કોર્ટમાં ચાલી જતા ફરિયાદી પક્ષના વકીલ મોહમંદ હનિફભાઈ સિંધીની ધારદાર દલીલો, રેકર્ડ, રજુ કરેલ પુરાવાઓને ધ્યાને લઈને નામદાર કોર્ટે ઉપરોક્ત ગુનામાં આરોપીને કસુરવાર ઠરાવી ઈ.પી.કો. કલમ ૩૫૪ ના ગુના માટે રૂ. ૧૦૦૦નો દંડ ફટકાર્યો હતો. અને દંડ ન ભરે તો દિન ૧૫ની સાદી કેદની સજા તેમજ ભરેલ દંડની રકમ રૂ. ૧૦૦૦ ભોગ બનનારને વળતર પેટે ચુકવવાનો હૂકમ કરેલો છે.

## વાસણા ગામની પરિણીત યુવતી ગુમ

ખેડબ્રહ્મા, તા. ૨૪

ખેડબ્રહ્મા તાલુકાના વાસણા ગામની પરિણીત યુવતિ તેના પિતાના ઘરેથી કોઈને કહ્યા વિના ક્યાંક ચાલી જતા તેણીના પિતાએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને જાણ કરી છે.

વાસણા ગામના પ્રતાપભાઈ મગનભાઈ ઠાકરડાની દીકરી વિરલબેન ઉં.વ. ૨૧ ને સમાજના રીત રિવાજ મુજબ ગોતા ગામે પરણાવી હતી. પરંતુ કારણોસર છુટાછેડા લીધા હતા. ત્યારબાદ તેના પિતાએ તેના પુનઃ લગ્ન પીનોલ મુકામે કર્યા હતા. ત્યાંથી છેલ્લા કેટલાક દિવસથી વિરલબેન તેના પિતાના ઘેર વાસણા ગામે રહેવા આવી હતી. દરમિયાન શુક્રવારના રોજ સવારના સાડા સાત વાગ્યાના સુમારે કુદરતી હાજતે જવાનું કહી ઘરેથી નીકળી હતી. પણ તે ઘરે પરત ન ફરતા તેના પરિવારે શોધખોળ આદરી હતી. પરંતુ તેની કોઈ ભાળ નહી મળતા આજરોજ તેના પિતા પ્રતાપભાઈએ ખેડબ્રહ્મા પોલીસને જાણ કરતાં પોલીસે શોધખોળ આદરી છે.

## પ્રાંતિજમાં ગુરુપૂર્ણિમા પર્વે મહંત દ્વારા બેટી બચાવોની શીખ

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પોગલુ ગામના શ્રી વારાહી શક્તિપીઠના મહંત સુનીલદાસ મહારાજે સમાજમાં પ્રેરણારૂપ દાખલો બેસાડવા માટે ગુરુપૂર્ણિમાની રાત્રી દરમ્યાન બેટી બાચાવો અને બેટી વધાવો ઉપર ઉપદેશ આપી સમાજમાં ગુરુની ભુમિકા ભજવી ઉમદા ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

પોગલુ મુકામે વારાહી શક્તિપીઠના મહંત સુનિલદાસજી મહારાજ દ્વારા લેખિત દીકરી એટલે સંબંધોની કવિતા પુસ્તકનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. જ્યારે જાયન્ટસ ગ્રૂપ ઓફ પ્રાંતિજ પ્લેનિટીનમ પ્રમુખ દ્વારા બે દીકરીઓના માતા-પિતાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. સ્વામી ગૌરાંગ શરણ દેવાચાર્ય, ડૉ. સુહાસિની કનોડીયા, સાંસદ ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ, ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, ડૉ. એન.એક. ડેરિયા, વ્રજેશભાઈ ભાવસાર તથા ગામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા બેટી બચાવો બેટી વધાવો તેમજ વસ્તી નિયંત્રણ પર ભાર મુક્યો હતો. ડૉ. સુહાસીની કનોડીયાએ મહિલાઓને શીખ આપી હતી.



# બનાસકાંઠા જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને સંકલન અને નાગરિક પુરવઠાની બેઠક યોજાઈ

પાલનપુર, તા. ૨૪

પાલનપુર કલેક્ટર કચેરી ખાતે જિલ્લા સમાહર્તા જે.જી. હિંગરાજીયાના અધ્યક્ષ સ્થાને ફરિયાદ અને સંકલન તથા નાગરીક પૂરવઠા અનો ગ્રાહક સુરક્ષા સલાહકારની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં ધારાસભ્યોએ પોતાના વિસ્તારના પ્રશ્નો રજુ કર્યા હતા. બેઠકમાં નાગરીક અધિકાર પત્રો તકેદારી પંચના કેસો, બાકી પેન્સન્સના કેસો, તપાસણીના બાકી દ્વારા સરકારી લેણાની વસુલાત તથા સસંદસભ્ય અને ધારાસભ્યોના, કલેક્ટરે અધિકારીઓને સુચના આપતા જણાવ્યું હતું કે આગામી ૫મી સપ્ટેમ્બરથી ગરીબ કલ્યાણ મેળાઓ શરૂ થવાના છે. ત્યારે લાભાર્થીઓની વિગત તૈયાર રાખવી તેમજ બસના પાસ, વિદ્યાર્થીઓને સરળતાથી મળવા જોઈએ. નાગરીક પૂરવઠાની બેઠકમાં દુકાનોના સ્થળ બદલવા અંગે રેશનકાર્ડનું વિતરણ તા. ૩૧-૭-૧૩ સુધી પૂર્ણ કરવુ, ગેસ ધારકોના ખાતામાં સીધી સબસીડી જમા કરાવવા અંગે જેમના રેશન કાર્ડ ઈસ્યુ થયા હોય અને સુધારો કરવાનો હોય તો વિના મુલ્યે કરી આપવો, મતદારયાદીમાં કોઈ ભુલ હોય તો સાત દિવસ સુધીમાં બી.એલ.ઓ. પાસે સુધરાવી શકાશે. બેઠકમાં ધાનેરાના ધારાસભ્ય જે.કે. પટેલ, દિયોદરના કેશાજી ચૌહાણ, કાંકરેજના ધારસિંહ ખાનપૂરા, વડગામના મણીભાઈ વાઘેલા, પાલનપુરના મહેશભાઈ પટેલ, દાંતાના કાંતિભાઈ ખરાડી, જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેન્દ્રભાઈ જોષી, જિલ્લા પોલીસ વડા અશોકકુમાર યાદવ, નિવાસી અધિક કલેક્ટર સુધીર પટેલ તથા સિવિલ સર્જન એન.એન. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.



ખેડબ્રહ્મા તાલુકાના દેવપુરી દેરોલ ખાતે શ્રી ૧૦૦૮ પાશ્વનાથ દિગંબર જૈન મંદિર આવેલ છે. ત્યાંના શ્રી ૧૦૫ સૂર્યમતી માતાના મંદિર ખાતે ચાર્તુમાસ નિમિત્તે કળશ સ્થાપનનો કાર્યક્રમ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે દૂરદૂરથી જૈનો પધાર્યા હતા અને તેમજ ગુરુપૂર્ણિમા હોવાથી પણ ઘણા ભક્તોએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો. (તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, લક્ષ્મીપુરા)

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

| તલોદ | | |
|---|---|---|
| મગફળી | ૬૦૦ | ૯૧૧ |
| એરંડા | ૬૮૨ | ૬૯૪ |
| ઘઉં | ૩૦૦ | ૩૭૨ |
| બાજરી | ૧૭૪ | ૨૯૧ |
| ગવાર | ૯૦૦ | ૧૧૩૭ |

| સલાલ | | |
|---|---|---|
| મગફળી | ૭૨૫ | ૮૭૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૫૦ |
| બાજરી | ૨૨૦ | ૨૬૦ |
| ડાંગર જ્યા | ૨૯૦ | ૩૨૦ |
| ડાંગર ગુજ | ૩૨૦ | ૩૪૦ |

| પ્રાંતિજ | | |
|---|---|---|
| એરંડા | ૬૫૦ | ૬૭૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૫ |
| બાજરી | ૨૩૦ | ૨૭૦ |
| ડાંગર ગુજ | ૩૨૦ | ૩૪૫ |
| ડાંગર જ્યા | ૨૯૦ | ૩૨૧ |

| ધનસુરા | | |
|---|---|---|
| એરંડા | ૬૭૫ | ૬૯૦ |
| મકાઈ | ૨૯૦ | ૩૦૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૦ |
| બાજરી | ૨૩૦ | ૩૪૦ |
| ગવાર | ૯૦૦ | ૧૧૫૦ |

| ખેડબ્રહ્મા | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૦૮ | ૩૨૫ |
| ઘઉં ૪૯૬ | ૩૧૫ | ૩૫૫ |
| મકાઈ | ૨૮૦ | ૨૮૭ |
| મગફળી | ૭૦૦ | ૮૦૦ |

| મોડાસા | | |
|---|---|---|
| રાયડો | ૫૦૦ | ૫૩૧ |
| એરંડા | ૬૭૦ | ૬૮૨ |
| બાજરી | ૨૩૦ | ૨૭૪ |
| મકાઈ | ૨૭૦ | ૩૦૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૫૫ |
| મગફળી | ૬૫૫ | ૮૩૩ |
| ગવાર | ૧૦૦૦ | ૧૧૫૦ |

| ટિંટોઈ | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૧૨ |
| મગફળી | ૭૪૦ | ૮૧૭ |

| દહેગામ | | |
|---|---|---|
| બાજરી | ૨૪૦ | ૨૮૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૨૫ |
| ડાંગર | ૨૮૫ | ૨૯૫ |
| એરંડા | ૬૮૦ | ૬૮૫ |
| ગવાર | ૯૫૦ | ૧૦૬૦ |
| મકાઈ | ૨૪૦ | ૩૧૦ |
| તુવેર | ૫૨૫ | ૬૫૦ |
| જુવાર | ૩૫૦ | ૩૯૦ |
| રાયડો | ૫૪૦ | ૫૮૦ |

| રખિયાલ | | |
|---|---|---|
| બાજરી | ૨૩૫ | ૨૭૮ |
| ઘઉં | ૩૦૦ | ૩૨૧ |
| ડાંગર | ૨૮૦ | ૨૯૦ |
| એરંડા | ૬૮૦ | ૨૯૦ |
| ગવાર | ૯૪૦ | ૧૦૫૦ |
| મકાઈ | ૨૩૦ | ૩૦૫ |
| તુવેર | ૫૨૧ | ૬૪૦ |
| જુવાર | ૩૪૦ | ૩૮૦ |
| રાયડો | ૫૩૦ | ૫૭૦ |

| હિંમતનગર | | |
|---|---|---|
| મગફળી | ૬૪૫ | ૬૬૯ |
| એરંડા | ૬૭૦ | ૬૯૦ |
| ઘઉં | ૩૧૨ | ૩૭૩ |
| બાજરી | ૨૨૦ | ૨૮૧ |
| મકાઈ | ૨૫૫ | ૨૮૫ |
| ચણા | ૫૦૦ | ૫૮૦ |
| જુવાર | ૩૦૦ | ૩૫૮ |
| ગવાર | ૧૦૧૪ | ૧૧૫૭ |

| ઈડર | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૫૫ |
| મકાઈ | ૨૫૦ | ૨૮૦ |
| એરંડા | ૬૭૫ | ૬૯૦ |
| બાજરી | ૨૬૦ | ૨૮૦ |
| રાયડો | ૫૫૦ | ૬૩૦ |
| મગફળી | ૬૦૦ | ૮૭૫ |
| તલ | ૧૪૦૦ | ૧૮૦૦ |
| ગવાર | ૯૫૦ | ૧૨૫૦ |
| જુવાર | ૩૫૦ | ૪૦૦ |
| મગ | ૬૫૦ | - |

| કડી | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૩૯ |
| બાજરી | ૨૧૦ | ૨૨૧ |
| ગવાર | ૯૭૦ | ૧૧૫૧ |
| એરંડા | ૬૭૫ | ૬૮૨ |
| રાયડો | ૫૮૦ | ૫૮૫ |
| જીરૂ | ૨૧૭૧ | ૨૪૬૧ |

| પાલનપુર | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૬ | ૪૦૧ |
| બાજરી | ૧૫૭ | ૨૮૯ |
| એરંડા | ૬૭૫ | ૬૮૫ |
| રાયડો | ૫૯૦ | ૬૦૦ |
| રાજગરો | ૧૧૦૦ | ૧૧૭૦ |
| મકાઈ | ૨૮૦ | ૨૮૫ |

| સિદ્ધપુર | | |
|---|---|---|
| મગ | ૭૩૧ | - |
| રાયડો | ૫૭૦ | ૬૧૧ |
| એરંડા | ૬૭૦ | ૭૦૧ |
| ગવાર | ૯૮૦ | ૧૧૬૬ |
| ઘઉં | ૨૮૦ | ૩૬૩ |
| બાજરી | ૧૪૧ | ૨૯૦ |
| જુવાર | ૩૩૧ | ૬૧૯ |

| વિસનગર | | |
|---|---|---|
| મકાઈ | ૨૫૦ | ૨૭૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૬૨ |
| બાજરી | ૨૦૦ | ૩૧૩ |
| રાયડો | ૫૨૭ | ૬૧૩ |
| એરંડા | ૬૭૫ | ૬૯૯ |
| જુવાર | ૧૬૦ | ૫૦૦ |
| જવ | ૨૬૫ | ૨૭૦ |
| ગવાર | ૯૦૦ | ૧૧૫૪ |
| રજકાના બી | ૧૩૦૦ | ૨૭૦૦ |

| મહેસાણા | | |
|---|---|---|
| જવ | ૨૬૩ | - |
| જુવાર | ૩૮૪ | ૫૩૧ |
| ઘઉં | ૨૯૫ | ૩૪૪ |
| જીરૂ | ૨૨૩૨ | ૨૪૬૬ |
| રાયડો | ૫૪૦ | ૫૯૫ |
| સવા | ૬૫૦ | ૬૭૦ |
| બાજરી | ૨૨૨ | ૨૯૦ |
| એરંડા | ૬૭૫ | ૬૯૦ |
| અજમો | ૭૦૦ | ૧૨૦૦ |
| ગવાર | ૯૪૫ | ૧૧૪૪ |
| બંટી | ૩૮૯ | - |
| રજકાબી | ૫૮૫ | ૨૭૧૦ |

| આંબલીયાસણ | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૩૩૯ |
| બાજરી | ૨૧૦ | ૨૮૦ |
| રાયડો | ૫૮૯ | ૫૯૦ |
| એરંડા | ૬૬૪ | ૬૭૪ |
| ગવાર | ૧૦૬૮ | ૧૦૮૨ |
| જુવાર | ૩૨૫ | - |

| જોટાણા | | |
|---|---|---|
| ઘઉં | ૨૭૫ | ૩૨૨ |
| એરંડા | ૬૭૬ | ૬૮૧ |
| બાજરી | ૨૧૫ | ૨૭૦ |
| ગવાર | ૯૫૦ | ૧૧૨૫ |

| હારીજ | | |
|---|---|---|
| રાયડો | ૬૦૦ | ૬૧૫ |
| એરંડા | ૬૬૦ | ૬૮૭ |
| સાસટો | ૩૦૦ | ૩૪૮ |
| બાજરી | ૨૧૦ | ૨૭૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૭૦ |
| ગવાર | ૧૦૦૦ | ૧૧૩૦ |
| અડદ | ૫૦૦ | ૬૧૫ |
| ચણા | ૫૦૦ | ૫૨૧ |
| જીરૂ | ૨૧૦૦ | ૨૫૧૫ |
| સવા | ૬૧૫ | ૬૮૪ |
| બંટી | ૩૧૬ | - |

| કલોલ | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૪૬ |
| એરંડા | ૬૭૬ | ૬૮૬ |
| બાજરી | ૨૪૦ | ૨૭૫ |
| રાયડો | ૫૭૬ | - |
| ડાંગર | ૩૦૦ | ૩૪૦ |
| ગવાર | ૧૦૪૦ | ૧૦૫૨ |
| જુવાર | ૩૩૦ | ૪૯૦ |

| બાયડ | | |
|---|---|---|
| એરંડા | ૬૫૦ | ૬૭૦ |
| ઘઉં | ૩૨૦ | ૩૫૦ |
| બાજરી | ૨૨૦ | ૨૬૫ |
| મકાઈ | ૨૯૦ | ૨૯૫ |
| ગવાર | ૧૦૦૦ | ૧૨૦૦ |

| પાટણ | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૫૦ | ૨૬૭૫ |
| વરીયાળી | ૭૮૫ | ૧૨૨૬ |
| બંટી | ૩૩૫ | ૩૭૯ |
| રાયડો | ૫૫૦ | ૬૩૫ |
| એરંડા | ૬૬૦ | ૭૦૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૮૦ |
| જુવાર | ૨૭૦ | ૫૬૨ |
| બાજરી | ૨૪૦ | ૨૬૯ |
| ગવાર | ૮૭૦ | ૧૧૭૩ |
| મેથી | ૫૬૦ | ૫૬૩ |
| સવા | ૬૮૫ | ૬૮૫ |

| ઉંઝા | | |
|---|---|---|
| અસાળીયો | ૪૯૧ | - |
| જીરૂ | ૨૧૦૦ | ૨૬૯૫ |
| ઈસબગુલ | ૧૧૦૦ | ૧૪૦૫ |
| સરસવ | ૬૨૩ | - |
| રાયડો | ૫૮૦ | ૬૮૫ |
| મેથી | ૫૨૧ | - |
| તલ | ૧૮૯૦ | ૨૨૦૦ |
| સવા | ૬૨૫ | - |